શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૧
અંક : ૧૧

**અનુક્રમણીકા**


| | |
|---|---|
| ગ્રામ આરોગ્ય સમિતી | ૧ |
| અસર સર્વે | ૫ |
| પેરાલીગલ તાલીમ, પ્રવાહ, રીઝીયનલ કન્સલ્ટેશન | ૬ |
| માનવ અધિકાર પખવાડિયું | ૭ |


## ગ્રામ આરોગ્ય સમિતી

દરેક ગામમાં આપણે ગ્રામ્ય આરોગ્ય સમિતીની રચના કરેલ છે પરંતુ ગ્રામ્ય આરોગ્ય સમિતી હજુ પણ સંપુર્ણ પણે કાર્યન્વિત થયેલ નથી ગ્રામ્ય આરોગ્ય સમિતી ક્ષમતા વર્ધનની ખુબ જ જરૂર જણાય છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે જન સ્વાસ્થ્ય અભિયાન –ગુજરાત સાથે રહી તેમની સભ્ય સંસ્થા દ્વારા દરેક જીલ્લામાં પાયલોટ ધોરણે એક તાલુકાનાં ૫૦ ગામની ગ્રામ્ય આરોગ્ય સમિતીની ટ્રેનીગ કરશે તથા એક વર્ષ માટે તેનું ફોલોઅપ કરી તેની ક્ષમતા વધારવાનું કાર્ય કરશે. જે તે જીલ્લામાં જનસ્વાસ્થ અભિયાનની જે સભ્ય સંસ્થા કાર્ય કરવાની છે તેની તથા જે તાલુકાનાં જે ગામો લેવાનાં છે તેની વિગતો તૈયાર કરવામાં આવી છે. આ વિગતો સાથે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા સબંધક અધિકારીશ્રીઓ સાથે પરામર્શ કરી તાલીમ બાબતે વિગતે ચર્ચા કરી પ્લાન તૈયાર કરશે.

જે તે બ્લોક હેલ્થ ઓફિસરશ્રી તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફિસરશ્રીને વાકેફ કરશે જેથી આ ટ્રેનીગ પ્રોગ્રામ દરમ્યાન તેની મુલાકાત લઈ શકે તથા જીલ્લા કક્ષાએથી પણ આ બાબતે દેખરેખ થાય તે બાબતે જણાવી શકે. ગ્રામ્ય આરોગ્ય સમિતીની તાલીમમાં ગામ પ્રમાણે એ.એન.એમ. તથા આશા વર્કર હાજર રહે તે માટે બ્લોક હેલ્થ ઓફિસરશ્રી તથા મેડીકલ ઓફિસરશ્રી જરૂરી સુચના આપશે. આપણે સાથે મળી આ પ્રોગ્રોમને સફળ બનાવીએ. ગ્રામ્ય આરોગ્ય સમિતી ક્ષમતા વધારી તેઓને તેમના ગામ તથા પ્રજાજનોનાં સ્વાસ્થ્ય બાબતે વિચારતા કરી જરૂરી પગલાં લેતાં કરી શકીશુ.

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

***ઇંટો ગણનારો ભીંતે પ્લાસ્ટર નથી કરાવતો***

## બાલદિન

બાલદિનની ઉજવણી ખૂબ ઉત્સાહ પૂર્વક બાળકના અધિકારો માટે કામ કરતી સંસ્થાઓએ તા. ૧૪ નવેમ્બરના રોજ કરી. આ સાથે સાથે ૨૦મી સપ્ટેમ્બરના રોજ સંયુકત બાળ અધિકારના ઘોષણાપત્રને ૨૦ વર્ષ પુરા થાય છે. અમેરીકા સિવાય લગભગ બધા દેશોએ આ ઘોષણા પત્ર પર સહિ કરી બાળકોને તેમના અધિકારો આપવા માટે ખાતરી આપેલ. હવે જોઇએ શું ખરેખર બાળકોના દરેક અધિકારો તેમને મળે છે ? ભારત જેવા વિકસીત દેશોમાં પણ બાળકોની સ્થિતિ દૈનિય છે. આપણે આપણા ઘરમાં સુરક્ષીત એવા બાળકોના અધિકારોનું પણ હનન કરતા હોઇએ છીએ તો પછી અનાથ બાળકો, સ્ટ્રીટ ચિલ્ડ્રન અને આપતિઓના ભોગ બનેલ પરિવારોના બાળ કોની શું વાત કરવી ?

ગુજરાત સરકાર આ વર્ષને નિરોગી બાળ વર્ષ તરીકે ઉજવી રહયા છીએ તેમ છતા આપણને ઠેરઠેર બાળક મજુરી કરતું જોવા મળે છે. બાળ કને મજુરી કરતું જોઈને મનમાં થાય કે સંવેદનશીલતાનો અભાવ છે કે પછી સરકારી તંત્ર બનેલા કાયદાનું યોગ્ય અમલીકરણ કરી શકતી નથી. જે કારણ હોય તે પણ એક માસુમ બાળકનું ભવિષ્ય અંધકાર બની જાય છે. ગુજરાતની કેટલીક નામી સંસ્થાઓ આ મુદ્દે કાર્યરત છે તેને ધન્યવાદ આપવા ઘટે. બાળકોના અધિકાર માટે સરકારી તંત્રની સાથે સાથે વ્યકિતગત રીતે આપણે પણ સંવેદનશીલ બનવું પડશે. ગીજુભાઈ બધેકા જેવા એકલ વ્યકિતએ બાળકોના અધિકાર માટે ખૂબજ કામ કર્યુ છે. તેમની પણ જન્મ જયંતિ આ મહિનાની ૧૫ મી તારીખે હતી. તેમના જીવન પરથી પ્રેરણા લઇને આપણે પણ બાળકોના વકિલ બની તેમના અધિકારોની લડતમાં જોડાઇએ તો જ જવાહરલાલ નેહરૂ, ગીજુભાઇ બધેકાને સાચી શ્રધ્ધાંજલી આપી ગણાશે અને બાળકોને તેના અધિકાર સુખમય રીતે ભોગવવા મળે તેવા પ્રયત્નો કરીએ.

**માસ દરમ્યાન કામગીરી**

| | | |
|---|---|---|
| ૪ | દીકરીઓની સમાનતા માટે જીલ્લા સ્તરીય સંવાદ | અમરેલી |
| ૪ | રીઝીયનલ કન્સલ્ટેશન | રાજકોટ |
| ૫–૧૦ | અસર સર્વે | અમરેલી |
| ૬,૭ | પેરાલીગલ તાલીમ | અમરેલી |
| ૧૦ | પ્રવાહ (એનજીઓ મીટીંગ) | સણોસરા |
| ૧૩ | ગુજરાત ફોર્સીસ અને આરોગ્ય સંચાર નેટવર્ક મીટીંગ | અમદાવાદ |
| ૨૦ | રિવ્યુ મિટીંગ નાબાર્ડ | બગસરા |
| ૨૦ | ડિરેકટર મીટીંગ સજજતાસંઘ | અમદાવાદ |
| ૨૩–૨૭ | વીએચએસસી તાલીમ | અમદાવાદ |

***ઉંચામાં ઉંચા વૃક્ષો ખીણમાં હોય છે, ઉંચા પર્વતે નહી***

## વિમળા અને નિર્મળા

વલ્લભભાઈ પટેલ અને તારાબેન કિલ્લોલ ગામના વતની. મધ્યમ વર્ગના માણસ, ખાધેપીધે સુખી, થોડીક ખેતીની જમીન, પણ રોકડ પાકને કારણે બે પૈસા ભેગા કરેલા. સમજુ અને શાણા તારાબહેનની ત્રેવડને કારણે વલ્લભભાઈ પટેલ ગામમાં ડેલી બંધ મેડીવાળુ ઘર પણ કરાવ્યું.

સમય જતા વલ્લભભાઈને ઘેર જોડકી પુત્રીઓનો જન્મ થયો. બંને પુત્રીઓ ખૂબજ સુંદર અને તંદુરસ્ત જન્મી હતી. વીમળા અને નિર્મળા નામ રાખ્યા. બંને પતિ પત્ની પોતાના નાના સંસારથી ખૂબજ ખૂશ હતા. બે દિકરીઓ સાથે અવતરી એટલે તારાબેનને બંનેનો ઉછેર કરવામાં સારો એવો સમય જતો પણ પોતાની દિકરીઓ દીકરા કરતાં પણ વિશેષ છે એવું બંને પતિપત્ની માનતા અને બંને જણા પુત્રીઓને સારુ શિક્ષણ મળે અને ખૂબ જ ભણી ગણી કુટુંબનું નામ કાઢે તેવી ઈચ્છા રાખતા હતા. અને બંને જણાએ જયારે દિકરીઓ પાંચ વરસની થઈ શાળાએ જવા માંડી ત્યારે જ નિર્ણય લીધો કે' ભગવાને આપણને જે આપ્યું તે સવા લાખનું' અને પૂત્ર માટે ઝંખના ન કરતા વલ્લભભાઈ વંધ્યત્વીકરણનું ઓપરેશન પોતે કરાવ્યું. સગાવહાલા, વડિલોએ આ બાબતમાં વલ્લભભાઈને ઠપકો આપ્યો કે તારાબેન ઓપરેશન કરાવે તે વધારે સારું, પણ વલ્લભભાઈ પોતે સ્ત્રી સન્માનની ભાવના વાળા હોવાથી તેમનું આ પગલું સ્ત્રી વર્ગમાં ખૂબજ પ્રસંસા પામ્યું.

સમય જતા વિમળા જે નિર્મળા કરતા પાંચ મિનિટ દસ સેકન્ડં મોટી હતી, તેણે સ્ત્રી રોગના નિષ્ણાંત થઈ ડોકટરની પદવી લીધી અને નિર્મળા બાળ રોગોની નિષ્ણાંત થઈ અને બંને બહેનોએ મા–બાપના નામને ઉજવળ બનાવવા કિલ્લોલ ગામના લોકોના લાભાર્થે 'તારાવલ્લભ હોસ્પિટલ' ની સ્થાપના કરી. હોસ્પિટલના ઉદઘાટન વખતે ગામ આખાયમાં આનંદ પ્રસરાયો અને લોકોએ વલ્લભભાઈ અને તારાબેનની બેહદ પ્રશંસા કરી.

આવી સંસ્કારી શિક્ષિત પુત્રીઓ વિમળા અને નિર્મળાને તેમની યશસ્વી કારર્કીદી માટે બિરદાવી.

પૂત્ર સમોવડી દિકરીઓએ સમગ્ર ગામના આરોગ્ય વિકાસ અને ઉત્કર્ષ માટે પોતાના ભણતરનો સદઉપયોગ કરી મા–બાપના નામને રોશન કર્યુ. વલ્લભભાઈ પટેલના વંશને ઉજવળ કર્યુ.

ધન્ય છે તારાબેનને ધન્ય છે વલ્લભભાઈને. દિકરીઓથી વંશ ના રહે એ માન્યતા વલ્લભભાઈ અને તારાબેનની દિકરીઓએ ખોટી પૂરવાર કરી છે.

(સાભાર–વંશ)

***નાનામાં નાની મૂર્તિ પણ મોટામાં મોટું મંદિર માંગે છે***

## દીકરીઓની સમાનતા માટે હકારાત્મક વાતાવરણ ઉભું કરવું જીલ્લા સ્તરીય સંવાદ

દીકરીઓનું ઘટતું જતું પ્રમાણ એ સમાજ, દેશ અને વિકાસ માટે અડચણરૂપ છે તેવુ દરેક લોકો માનતા થયા છે. પરંતુ હજુ જોઇએ તેવી સંવેદનશીલતા દેખાતી નથી. આ માટે સરકારી તંત્ર, આરોગ્ય વિભાગના લોકોમાં, બહોળા વર્ગમાં જાગૃતિ માટે પત્રકારો, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ અન્ય નાગરિકોમાં સંવેદનશીલતા વધારવાની બાબત મુખ્ય જણાઈ હતી. આથી તા.૪ નવેમ્બરના રોજ "વીમેન પાવર કનેકટ" અને "ચેતના" ના ઉપક્રમે દીકરીઓની સમાનતા માટે હકારાત્મક વાતાવરણ ઉભું કરવા જીલ્લા સ્તરીય સંવાદ તેમજ પત્રકાર પરિષદ અમરેલી ખાતે યોજવામાં આવી જેમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રને આયોજક તરીકે કાર્ય સોપેલ હતુ.

આ કાર્યક્રમમાં દીકરીઓના ઘટતા જતા પ્રમાણ અંગે ચર્ચા થઇ, તેના તાલુકા મુજબ આંકડાઓની જાણ કરવામાં આવી તથા જન્મ પહેલાના ગર્ભ પરિક્ષણ અંગેના કાયદાનો લોકો ગેર ઉપયોગ ન કરે તેમ કરવા અંગેનો પ્રચાર દરેક લોકોએ કરવો તથા પોતાના કાર્ય સાથે આ કાર્ય કઇ રીતે વણી લેવુ તેનુ આયોજન કર્યુ. જયારે કોઇ કાર્યની શરૂઆત કરવાની હોય તો સમાજથી કરવાની થતી હોય છે પરંતુ સમાજમાં આપણે પોતે જ રહીએ છીએ તો શરૂઆત પણ આપણા પોતાનાથી થાય તેવુ કરવું જરૂરી છે.

ઉપરોકત ચિંતન સંવાદમાં જીલ્લા આર.સી.એસ. ઓફિસરશ્રી ડો. જે. ઓ. માઢક, જીલ્લા તાલીમ કેન્દ્રના સીનીયર મેડીકલ ઓફીસરશ્રી ડો. ડી.એચ.ગૌડ, આઇસીડીએસના પ્રોગ્રામ ઓફિસરશ્રી આર. ડી. સંઘવી, ફોરવર્ડ હાઇસ્કુલના જીવ વિજ્ઞાનના શિક્ષકશ્રી બીપીનભાઇ જોષી, ભગીની છાત્રાલયના સંચાલકશ્રી દુર્ગાબેન મહેતા, પ્રો. જે. એમ. તળાવીયા, ગાયનેકોલોજીસ્ટ ડો. વીરલ ગોયાણી અને ડો. અનિલ સાવલીયા, બીઆઈઈસીઓશ્રી કે. એમ. શાહ, મુખ્ય સેવિકાશ્રી ભારતીબેન જાની, મહિલા ન્યાય સમિતીના સભ્ય શ્રી ચંપાબેન રવૈયા, વોટરશેડ ડેવલપમેન્ટ ટીમના સભ્યો શ્રી દીપા ચૌહાણ અને નીલેશા ગોલકીયા, નાબાર્ડના એજીએમ શ્રી કે. આર. સાલ્વે તેમજ સ્વૈ. સંસ્થાઓના પ્રતિનિધિઓ શ્રી સંગીતાબેન દવે, હરેશ બોરીસાગર, જાહન્વી દેથા, ગીતા પાથર તથા મિડીયા અને પ્રેસના પ્રતિનિધિઓએ વગેરેએ હાજર રહી જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું.

**જોઇએ છે એક એવું હૃદય જે દીકરી માટે ધબકતું હોય**

## અસર સર્વે

તા. ૨૫ થી ૨૭ સપ્ટેમ્બર દરમ્યાન પ્રથમ દ્વારા ડાકોર ખાતે અસર ૨૦૦૯ના સર્વે માટે તાલીમકારોની તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક જીલ્લામાં શિક્ષણનું સ્તર જાણવાનો હતો. તાલીમ લીધા બાદ દરેક જીલ્લા માંથી આવેલા સંસ્થાના કાર્યકર્તા પોતાની સંસ્થામાં તાલીમ આપે. આ અસર સર્વે દર વર્ષે કરવામાં આવે છે.



તાલીમ દરમ્યાન અસર શું છે ? અસરની અસર શી થઇ ? અસર શા માટે કરાય છે ? અસરની શરૂઆત કયારથી થઇ ? વગેરેથી માહિતગાર કર્યા હતા.

તા.૫–૬ નવેમ્બરના રોજ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલી ખાતે અસર સર્વે માટે કાર્ય કરતા સ્વયંસેવકોની તાલીમ રાખવામાં આવી.

તાલીમના પ્રથમ દિવસે અસર વિશે માહિતી આપી તથા આ સર્વે કયાં અને કઇ રીતે કરવો અને આ સર્વેથી શું પરિણામ આવે વગેરે થીયરીકલ બધી બાબતો આવરી લેવામાં આવી તાલીમના બીજા દિવસે ટ્રાયલ ક્ષેત્રકાર્ય સોંપવામાં આવ્યું. જેમાં બે–બે વ્યકિતના ગૃપ બનાવી અલગ અલગ ગામોની વહેંચણી કરવામાં આવી. ફીલ્ડ દરમ્યાન સ્વયંસેવકોને પડેલી મુશ્કેલીઓ તથા આવેલા પ્રશ્નો અંગે ચર્ચાઓ કરી નિવારણ લાવ્યા.

તા. ૭ થી ૧૦ ના રોજ યાદી મુજબના ૩૦ અલગ અલગ ગામોમાં બે બે ના ગૃપ બનાવી સ્વયંસેવકોને ૨૦–૨૦ ઘરનો સર્વે કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી સાથે સાથે રી–ચેક પણ કરવામાં આવેલુ.

સ્વયંસેવકોએ સર્વે કરેલ પ્રશ્નાવલીનીશીટ તૈયાર કરી સંસ્થામાં આપવા તથા પોતાને થયેલ અનુભવોની પરસ્પર આપ–લે તથા ચર્ચા કરવામાં આવી હતી.

આ તાલીમમાં તાલીમકાર તરીકે પ્રથમ સંસ્થામાંથી અજયભાઇ સોલંકી અને મુકેશભાઇ હાજર રહયા હતા તથા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર માંથી કોમલ જોષીએ તાલીમ આપી હતી. આ તાલીમમાં કુલ મળીને ૩૦ જેટલા સ્વયંસેવકોને જોડયા હતા.

***દીકરી પણ એક બાળક છે, તમામ હકોની હકદાર છે.***

## પેરાલીગલ તાલીમ

પેરાલીગલ બહેનોની સંવાદ કરવાની આવડત વધારવા તથા તેમનામાં નેતૃત્વના ગુણો વિકસાવવા માટે તારીખ ૬,૭ ના રોજ પેરાલીગલ બહેનોની લીડરશીપ પર તાલીમ હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી ખાતે યોજવામાં આવી હતી. જેમાં પેરાલીગલ બહેનોને તેની ભૂમિકા, કામગીરીમાં પડતા અવરોધ તથા કઇ રીતે સહભાગીતાથી કાર્ય કરવું તેની વિસ્તૃતથી માહિતી આપી હતી. આ ઉપરાંત તેઓને રોલ–પ્લે કરાવી પંચાયત, શાળાઓ, સંગઠન, સરકારી અધિકારી, ગામની મહિલાઓ અને એકલનારી વગેરે સાથે કેવી રીતે કામ કરવું તેનાથી માહિતગાર કર્યા હતા.



આ તાલીમમાં તાલીમકાર તરીકે જીજ્ઞાબેન જોષી, જયાબેન રાઠોડ તથા અશોકભાઈ શેલાર જોડાયા હતા.

## પ્રવાહ

પ્રવાહ સૌરાષ્ટ્ર રીજીયન મીટીંગ અમદાવાદ, ભાવનગર, અમરેલી તથા જુનાગઢ જીલ્લાની સંસ્થાઓની મીટીંગ લોકભારતી સણોસરા મુકામે તા.૧૦/૧૧/૦૯ ના રોજ મળી હતી. જેમાં 'પાણી અને સ્વચ્છતાનું સ્વાવલંબન–આપણો અધિકાર આપણી જવાબદારી' રાજય સ્તરિય અભિયાનનું આયોજન કરવામાં આવ્યું જેમાં અભિયાનનો મુખ્ય હેતુ, અભિયાનનું પરિણામ, અભિયાનનું અંદાજીત બજેટ, અભિયાનનો કાર્યવિસ્તાર, અભિયાનનો સમયગાળો તથા સમય પત્રક, અભિયાનની પ્રવૃતિઓ તથા જુદી જુદી જવાબદારીઓ જેમાં મધ્યસ્થ કાર્યાલયની જવાબદારી, રીજનલ સેન્ટરની જવાબદારી, સંગઠન સમીતિની જવાબદારી, સાથી સંસ્થાઓની જવાબદારી વગેરે વિશે માહિતી તથા ચર્ચાઓ કરી હતી. દરેક સંસ્થાએ તા. ૩૦ નવેમ્બર સુધીમાં તેમનું આયોજન મોકલવું તેવુ નક્કી કરવામાં આવ્યુ.

## રીઝીયનલ કન્સલ્ટેશન

તા.૪/૧૧ ના રોજ સૌરાષ્ટ્ર કચ્છ ગૃપ એજન્સી દ્વારા રાજકોટ બિશપ હાઉસ ખાતે સૌરાષ્ટ્ર કચ્છની સંસ્થાઓનું કન્સલ્ટેશન વર્કશોપ રાખવામાં આવ્યો હતો. જેમાં સ્ત્રી હિંસાના મુદ્દે સૌરાષ્ટ્ર કચ્છ સંસ્થાઓનું નેટવર્ક બનાવવાનું આયોજન કરવામાં આવ્યું. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર માંથી અશોકભાઇ જોડાયા હતા.

**પોતાનો અવાજ પોતે સાંભળવો હોય તો ફેરીયા થવું પડે**

## માનવ અધિકાર પખવાડિયુ

પ્રતિબધ્ધ બનો, પ્રતિકાર કરો, માંગ કરો. આપણે સ્ત્રી વિરોધી હિંસાનો અંત લાવી શકીએ છીએ.

૨૫ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર દરમ્યાન દર વર્ષે વિશ્વના જુદા જુદા દેશોમાં સ્ત્રીઓ અને બાળકીઓ વિરોધી હિંસા સામેની વૈશ્વિક ઝૂંબેશ અંગે આપ સૌ જાણતા હશો તથા તેમાં તમારી ભાગીદારી પણ નોંધાવી હશે. આ ઝૂંબેશનો ઉદ્દભવ ૧૬ દિવસની લૈંગિક હિંસા વિરોધી સક્રિય ચળવળ રૂપે થયો હતો. રટગર્ડ યુનિવર્સિટી સ્થિત સેન્ટર ફોર વિમેન્સ ગ્લોબલ લીડરશીપ દ્વારા સ્થપાયેલ ફર્સ્ટ વિમેન્સ ગ્લોબલ લીડરશીપ ઈન્સ્ટીટયુટ દ્વારા ૧૯૯૧ માં આ ઝૂંબેશની શરૂઆત કરવામાં આવી હતી. અત્યાર સુધી દુનિયાના દરેક પ્રદેશમાં ચળવળ કારોએ આ ૧૬ દિવસની ઝૂંબેશમાં ભાગ લીધો છે અને એના મુખ્ય સંદેશારૂપે **"સ્ત્રીઓના અધિકાર માનવ અધિકાર છે અને સ્ત્રીઓ પરની હિંસા એ માનવ અધિકારનો ભંગ છે."** એ દરેક મહિલા ચળવળની સભાનો સંદેશ રહયો છે. મહિલાઓ પર થતી હિંસા એ દરેક દેશ, વંશ, વર્ગ, સંસ્કૃતિ અને ધર્મના લોકોને અસર પહોચાડે છે. ૧૬ દિવસની આ ઝૂંબેશ દરેક કર્મશીલ માટે એક તક પૂરી પાડે છે કે તેઓ આ મુદ્દે પોતાના સ્થાનિક પ્રયત્નો પ્રત્યે આંતરરાષ્ટ્રીય સ્તરે લોકોનું ધ્યાન ખેંચવા તથા સહયોગ મેળવવા એકસાથે ભેગા મળી કામ કરે.

દર વર્ષે સેન્ટર ફોર વિમેન્સ ગ્લોબલ લીડરશીપ મહિલા માનવ અધિકાર કર્મશીલો સાથે અને સંસ્થાઓ સાથે ચર્ચા કરી આ ૧૬ દિવસની ઝૂંબેશ માટે નવા મુદ્દાઓ નક્કી કરે છે. વર્ષ ૨૦૦૯ની ૧૬ દિવસીય ઝૂંબેશ માટેના વિષયો તરીકે–સ્ત્રી વિરોધી હિંસાને વૈશ્વિક સમુદાયના ધ્યાન પર લાવવા કટીબધ્ધ છે તેવા જૂથો અને વ્યકિતઓને સન્માનવા, દરેકને પોતાની ક્ષમતા મુજબ સ્ત્રી વિરોધી હિંસાના અંત માટે પગલા લેવા પ્રોત્સાહિત કરવા, અને સ્ત્રી વિરોધી હિંસાને દૂર કરવા અપાયેલા વચનો પ્રત્યે જવાબદારી દાખવવા માટે નક્કી થયા છે.

ભારતમાં ૧૬ દિવસની આ ઝૂંબેશ દેશભરમાં સ્ત્રીઓના અધિકાર માટે કાર્યરત અલગ અલગ જૂથો દ્વારા ચલાવાય છે. જયારે આ આંતરરાષ્ટ્રીય વિષય એ બહોળા સંદર્ભમાં છે પણ આપણામાંના ઘણાએ આ વિષયને આપણી સ્થાનિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય જરૂરિયાતોને અનૂકુળ ગણ્યો છે.

અમે ઈચ્છિએ છીએ કે આપણે આ પ્રવાહને સતત સક્રિય રાખીએ અને સહિયારી રીતે રાજય સ્તરની એક ઝૂંબેશનું આયોજન કરીએ.

*હિજરત કરવા માટે યે ઘર હોવું જોઇએ*

## વિચારો

માં બાપ બન્યા પહેલા સો વાર વિચાર કરો ? તમે માં બાપ બનવા યોગ્ય છો ? આ દુનિયામાં જવાબદારી લેવા કોઇ તૈયાર નથી પણ દુનિયામાં જવાબદારી કોઇના પર છોડીને આપણે આનંદ અનુભવીએ છીએ. આજે ઘણા માં–બાપ પોતાની ખુશી પડે ત્યારે બાળકનો જન્મ આપે છે પણ તેની જવાબદારી શું આવશે અને શું રહેશે તેનો ખ્યાલ નથી રાખતા અને નિર્દોષ બાળક આ શોષણનો ભોગ બને છે. આપણી કહેવત પ્રમાણે "બાળક ભગવાનનું સ્વરૂપ હોય છે" તો ભગવાનને આપણે આમ રખડાવીએ છીએ, હે ભગવાન જેને પોતાના સંતાનો પ્રત્યે પ્રેમ નથી તેને મા–બાપ બનાવતો નહિ. તેને તુ સદા એકલવાયો જ રાખજે. આ સપ્તાહમાં આપણે બાલદીન ઉજવીએ છીએ પણ લાખો બાળકો માં–બાપના નફરતનો ભોગ થાય છે તેના માટે શું કરી શકીએ ? એટલે કહેવાય છે કે બાપ એ માં ની કયારે પણ જવાબદારી લઇ શકતા નથી પરંતુ માં એ બાપની જવાબદારી લઇ શકે છે. બાપ બુધ્ધિથી કામ કરે છે જયારે માં મમતા અને લાગણીથી કામ કરે છે. એટલે લાગણીવાળા હંમેશા દુઃખી થાય છે અને બુધ્ધિવાળા સુખી થાય છે. પર ઉપરવાલા સબ દેખ રહા હે.

**–પુર્વી ત્રિવેદી**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ઘડપણ દિવાનખાનાને પણ વેઇટીંગરૂમ બનાવી દે છે**